# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

દ્વિતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન પરિચય] અભ્યાસ- ૨

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **સુશ્રાવકવર્ય શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી કચ્છ સુથરી હાલ-વરલી**

# સ્તોત્ર-અર્થ રહસ્ય

## ૨. અજિત-શાંતિ સ્તવ

મંત્રનો રાજા નવકારમહામંત્ર...
વ્રતોનો રાજા શીલવ્રત...
પર્વોનો રાજા પર્વાધિરાજ પર્વ...
તેમ
તીર્થોનો રાજા સિદ્ધાચલ તીર્થ...

જ્યાં કાંકરે કાંકરે અનંત આત્માઓ સિદ્ધગતિને વર્યા છે. આ તીર્થાધિરાજની છ ગાઉની યાત્રા ફાગણ સુદ તેરસના પરમ પાવન દિવસે થાય છે. આ દિવસે આ ગિરિરાજના સદ્ભદ્ર નામના શિખર ઉપર

કૃષ્ણ વાસુદેવના પુત્રો શાંબ તથા પ્રદ્યુમ્નકુમાર સાડાત્રણ ક્રોડ (સાડા આઠ ક્રોડ) મુનિઓ સાથે સિદ્ધપદને પામ્યા છે.

આ છ ગાઉના યાત્રા માર્ગ ઉપર શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ ભગવાનની બે દેરીઓ આવે છે જ્યાં આજે પણ શ્રી અજિત-શાંતિ સ્તવ બોલાય છે. શા માટે ? એનો જવાબ સિદ્ધાચલના ૧૦૮ ખમાસણામાંના ૮૧ મા ખમાસણામાં આપેલો છે.

**નમિ નેમિ જિન અંતરે, અજિત શાંતિ સ્તવ કીધ;**
**તે તીર્થેશ્વર પ્રણમિયે, નંદિષેણ પ્રસિદ્ધ...૮૧**

કહેવાય છે કે શત્રુંજય તીર્થ ઉપર શ્રી અજિતનાથ તથા શ્રી શાંતિનાથ પ્રભુની દેરીઓ એકબીજાની સામે હતી. એકના દર્શન કરતાં બીજા પ્રભુજીને પુંઠ આવે. એકદા શ્રી નમિનાથ પ્રભુ અને શ્રી નેમિનાથ પ્રભુના આંતરામાં શ્રી નંદિષેણજી નામના મહામુનિ તીર્થયાત્રાએ પધાર્યા. શ્રી અજિતનાથ તથા શ્રી શાંતિનાથ પ્રભુજીની આવી દેરીઓ જોઈને ત્યાંજ એમણે આ **'અજિત-શાંતિ સ્વત'**ની રચના કરી. આ સ્તોત્રમાં શ્રી અજિતનાથ ભગવાન તથા શ્રી શાંતિનાથ ભગવાનને વિશેષ વર્ણન અને ગુણગાન કરવા પૂર્વક ભાવથી વંદના કરવામાં આવી છે. આ સ્તવનાના પ્રભાવે શ્રી શત્રુંજય તીર્થ ઉપર એકબીજાની સામે રહેલી શ્રી અજિતનાથ પ્રભુ અને શ્રી શાંતિનાથ પ્રભુની દેરીઓ એક હારમાં થઇ ગઇ છે.

આજે પણ પક્ખી પ્રતિક્રમણમાં શ્રી અજિત-શાંતિ સ્તવ ભાવથી બોલાય છે. ચાલો ! આપણે એના અર્થ-રહસ્યને જાણીએ.

## શ્રી અજિત શાંતિ સ્તવ

### ગાહા (ગાથા)

**અજિઅં જિઅસવ્વભયં, સંતિં ચ પસંતસવ્વગયપાવં,**
**જય ગુરૂ સંતિ ગુણકરે, દોવિ જિણવરે પણિવયામિ. ગાહા.. ૧**
**વવગય મંગુલભાવે, તેહં વિઉલ તવ નિમ્મલ સહાવે;**
**નિરુવમ મહપ્પભાવે, થોસામિ સુદિટ્ઠ સબ્ભાવે. ગાહા...૨**
**સવ્વદુક્ખપ્પસંતીણં, સવ્વપાવપ્પસંતીણં;**
**સયા અજિય સંતીણં, નમો અજિય સંતીણં. સિલોગો...૩**
**અજિય જિણ સુહપ્પવત્તણં,**
**તવ પુરિસુત્તમ નામ કિત્તણં,**
**તહ ય ધિઈ મઈ પ્પવત્તણં,**
**તવય જિણુત્તમ સંતિ કિત્તણં, માગહિયા...૪**

**શબ્દાર્થ :-**

**અજિઅં** - અજિત સ્વામી
**જિઅસવ્વભયં** -સર્વ ભયને જીતનારા
**સંતિં**-શાંતિનાથ ભગવાન
**પસંત**-નિવૃત થયા છે
**સવ્વ**-બધા
**ગય**-રોગ
**પાવં**-જેમનાં પાપ
**જયગુરૂ**-જગતના ગુરુઓ
**સંતિ**-શાંતિનાથને
**ગુણકરે**-ગુણ કરનારા
**દોવિ**-બંને પણ
**જિણવરે**-જિનવરોને
**પણિવયામિ**-હું પ્રણામ કરું છું
**વવગય**-ગયો છે
**મંગુલભાવે**-જેમનો નઠારો ભાવ છે
**તેહં**-તેમને હું
**વિઉલ**-વિસ્તારવાળા
**તવ**-તપથી
**નિમ્મલ સહાવે**-નિર્મળ સ્વભાવવાળા
**નિરુવમ**-ઉપમા રહિત
**મહપ્પભાવે**-મોટા પ્રભાવશાળી
**થોસામિ**-હું સ્તુતિ કરું છું
**સુદિટ્ઠ સબ્ભાવે.** -જીવ અજીવના ભાવને જોનારા
**સવ્વદુક્ખ**-સર્વ દુઃખ
**પ્પસંતીણં**-જેમનાં શાંતિ થયા છે
**સવ્વપાવપ્પસંતીણં**-જેને સર્વ પાપની શાંતિ થઇ છે.
**સયા**-હંમેશાં
**અજિયસંતીણં**- જેમના ઉપશમો પરભાવ પામેલ નથી.
**નમો**-નમસ્કાર હો
**અજિયસંતીણં**-અજિતનાથ તથા શાંતિનાથ
**અજિયજિણ**-હે અજિતનાથ ભગવાન
**સુહપ્પવત્તણં**-સુખનું પ્રવર્તન કરનારું છે
**તવ**-તમારું
**પુરિસુત્તમ**-હે પુરુષોમાં ઉત્તમ
**નામકિત્તણં**-નામનું કીર્તન
**તહય**-તેમ વળી
**ધિઈ**-ધીરજ
**મઈ**-મતિનું
**પ્પવત્તણં**-પ્રવર્તન કરનારું છે
**તવય**-તમારા નામનું
**જિણુત્તમ**-સામાન્ય કેવળીમાં શ્રેષ્ઠ એવા
**સંતિ**-હે શાંતિનાથ
**કિત્તણં**- કીર્તન


**ગાથાર્થ :-** સર્વ ભયને જીતનારા અજિતનાથ સ્વામી અને જેમનાં સર્વ રોગ તથા પાપ નિવૃત્ત થયાં છે, એવા શાંતિનાથ ભગવાન છે., જગતના ગુરુ અને શાંતિ તથા જ્ઞાનાદિ ગુણોના કર્તા એ બંને જિનવરોને હું પ્રણામ કરું છું....૧

જેમનામાંથી નઠારો ભાવ ગયેલો છે, વિસ્તારવાળા તપથી જેમનો સ્વભાવ નિર્મળ છે, જેમનો મહાન પ્રભાવ ઉપમા રહિત છે, જેમણે જીવ-અજીવ વગેરેના ભાવો જોયા છે, એવા આ બંને પ્રભુને હું

સ્તવું છું....૨

જેમનાં સર્વ દુઃખો શાંત થયાં છે, જેમનાં સર્વ પાપો શમી ગયાં છે, અને જેમનો ઉપશમ પરાભવ પામેલો નથી, એવા અજિતનાથ અને શાંતિનાથને સદા નમસ્કાર હો....૩

પુરુષોમાં ઉત્તમ એવા હે અજિતનાથ ભગવાન ! તમારા નામનું કીર્તન સુખનું પ્રવર્તન કરનારું છે. હે જિનોત્તમ શાંતિનાથ ભગવાન ! તમારા નામનું કીર્તન ધીરજ અને બુદ્ધિના પ્રવર્તનને કરનારું છે....૪





# શ્રી ગણધરવાદ (ચાલુ)

## (૧) શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ

**આધાર ગ્રંથ - શ્રી કલ્પસૂત્ર : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા. તથા સચિત્ર ગણધરવાદ : પ.પૂ. અરૂણવિજયજી મ.સા.**

ત્રિલોક વિજેતા બનવાનો વિચાર કરતો ઇન્દ્રભૂતિ પ્રભુ જ્યાં બિરાજમાન હતા ત્યાં આવીને સમવસરણના પગથિયાં ચઢતો છતો વીરપ્રભુને ચોત્રીસ અતિશયોથી શોભતા, સુવર્ણના સિંહાસન ઉપર બેઠેલા, દેવમનુષ્યોથી પરિવરેલ... અમૃત જેવી વાણીથી ઉપદેશ આપતા જોઇને સ્તબ્ધ થઇ જાય છે. અને વિચારે છે **''શું આ બ્રહ્મા છે કે વિષ્ણુ છે કે શંકર છે ?''** અથવા તો ચંદ્ર છે ! ના એ ચંદ્ર તો નથી ચંદ્રમાં તો કલંક છે, તેમ સૂર્ય પણ નથી સૂર્ય તો તીવ્ર તેજવાળો હોવાથી તેની સામે જોઇ પણ શકાતું નથી, તેમ આ મેરુ પણ નથી મેરુ તો અતિશય કઠણ છે, વળી આ કૃષ્ણ નથી કૃષ્ણ તો શ્યામ વર્ણના છે. તો એ બ્રહ્મા પણ નથી બ્રહ્મા તો વૃદ્ધ છે. તેમ કામદેવ પણ નથી. કામદેવ તો શરીર વિનાના છે. ''હા, હવે જાણ્યું એ તો સકલ દોષરહિત સર્વગુણસંપન્ન એવા તીર્થંકર છે.'' અરે ? હવે મારાથી આ ત્રણલોકના નાથ કેમ જીતાય ? મેં મેળવેલી કીર્તિ હવે શી રીતે રહેશે ? એક ખીલીને માટે આખા મહેલને તોડવા જેવી મેં મૂર્ખાઇ કરી છે, એકને ન જીત્યો તો તેથી મારૂં શું બગડવાનું હતું ? હવે જગત વિજેતા તરીકેનું મારૂં બિરૂદ કેમ રહેશે ? અરે, મેં અવિચાર્યું કાર્ય કરેલ છે જે હું વિશ્વના ઇશને જીતવા અહીં આવેલ છું. હવે એમની સમક્ષ હું કેમ બોલી શકીશ ? એમની પાસે કેવી રીતે જઇને ઉભો રહીશ? અરે, હું સંકટમાં આવી ગયો છું, મારા યશનું હવે શંકર રક્ષણ કરો. જો હું કોઇ ભાગ્યયોગથી આમને પણ જીતી જાઉં તો હું ત્રણે જગતમાં અદ્વિતીય વિદ્વાન ગણાઉં, આવું ચિંતવતા ઇન્દ્રભૂતિને અમૃત જેવી મધુર વાણીથી પ્રભુએ **''હે ગૌતમ ઇન્દ્રભૂતિ ! તું ભલે આવ્યો, કુશળતાથી તો આવ્યો છે ને ?''** એ રીતે બોલાવ્યો. તે સાંભળી પોતાના ગોત્રસહિત નામથી બોલાવે છે તેથી શું એ મારૂં નામ અને ગોત્ર પણ જાણે છે ? વળી એને થયું કે અરે, ત્રણ જગતમાં પ્રસિદ્ધ એવા મારા નામને કોણ ન જાણે ? સૂર્યને બધા ઓળખે એમાં નવાઇ શી ? પરંતુ જો આ મારા મનના સંદેહને જાણે તો હું એમને ખરા સર્વજ્ઞ માનું.

ઇન્દ્રભૂતિ વિચારે છે એટલામાં વીરપ્રભુએ કહ્યું કે - ''હે ઇન્દ્રભૂતિ ! તને જીવનો સંશય છે ? તું શું વેદના પદનો અર્થ નથી જાણતો ?'' એમ કહીને જાણે સમુદ્રમંથનનો કે ગંગાનદીના પૂરનો ગંભીર ધ્વનિ થતો હોય એવા ગંભીર ધ્વનિવાળા સ્વરથી પ્રભુએ કહ્યું કે **''વિજ્ઞાનઘન એવૈતેભ્યો ભૂતેભ્યઃ સમુત્થાય તાન્યેવાનુ વિનશ્યતિ ન પ્રેત્ય સંજ્ઞાઽસ્તિઇતિ''** હે ઇન્દ્રભૂતિ! તું પ્રથમ આ વેદ પદોનો એવો અર્થ કરે છે કે, ''વિજ્ઞાનઘન એટલે ગમનાગમન ચેષ્ટાવાળો આત્મા, જેમ મદિરાને યોગ્ય વસ્તુઓને ભેગી થતાં

મદિરા બની જાય છે અને તેમાં મદ (નશો) પેદા થાય છે તેમ આત્મા, પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશરૂપ પાંચ ભૂતથી ઉત્પન્ન થઇને પાણીમાંથી ઉત્પન્ન થયેલ પરપોટો ફૂટીને એ પાણીમાં જ વિલય પામે છે તેમ તે આત્મા એ પાંચ ભૂતોમાંજનાશ પામે છે. તેથી પાંચ ભૂતથી આત્મા જાુદો ન હોવાથી મરીને કોઇપણ ફરી જન્મ લેતો નથી. એટલે પરલોક નથી એવો તું અર્થ કરે છે તે અર્થ બરાબર નથી. કારણ કે વિજ્ઞાનઘન એટલે જ્ઞાન અને દર્શનનો જે ઉપયોગ તે વિજ્ઞાન કહેવાય. તેના એકરૂપપણાથી આત્મા પણ વિજ્ઞાનઘન જાણવો. આત્માના દરેક પ્રદેશે અનંતા જ્ઞાન દર્શન પર્યાયો હોવાથી વિજ્ઞાનઘન એટલે જ્ઞાન દર્શનના ઉપયોગ સ્વરૂપ આત્મા કોઇક રીતે પૃથ્વીઆદિ પાંચ ભૂતો અથવા તેનાથી બનેલા ઘટપટાદિ પદાર્થોના ઉપયોગપણે ઉત્પન્ન થાય છે, અર્થાત ઘટાદિજ્ઞાન પણે પરિણમેલ આત્મા ઘટાદિ હેતુથી જ થાય છે કારણ કે, ઘટાદિજ્ઞાનના પરિણામને ઘટાદિવસ્તુનું સાપેક્ષપણું છે માટે એ પાંચ ભૂત કે તેથી બનેલા ઘટાદિવસ્તુના ઉપયોગપણે ઉત્પન્ન થયેલો આત્મા ફરી તે વસ્તુઓની પાછળ વિનાશ પામે છે. તાત્પર્ય એ છે કે,ઘટાદિવસ્તુઓ નાશ પામી હોય અથવા નજરથી દૂર વિદ્યમાન હોય તો પણ જીવ તો તે ઘટાદિના ઉપયોગપણે નાશ પામે છે. અને બીજા ઉપયોગપણાથી ઉત્પન્ન થાય છે અથવા સામાન્યરૂપપણે રહે છે. એટલે ઘટાદિ ઉપયોગરૂપ પૂર્વની સંજ્ઞા રહેતી નથી. કારણ કે, વર્તમાન ઉપયોગથી તેનો નાશ થયેલ છે. તે આત્મા જ્ઞાનમય છે તથા દદદ એ ત્રણ દકારમય છે એટલે દમ, દાન અને દયા એ ત્રણ દકારને જે જાણે તે જીવ કહેવાય છે. એમ વેદ વાક્ય પણ આત્માને સિદ્ધ કરે છે. વળી દૂધમાં ઘી, તલમાં તેલ, કાષ્ટમાં અગ્નિ, પુષ્પમાં સુગંધ, અને ચંદ્રમાં જેમ અમૃત રહેલ છે તેમ શરીરમાં આત્મા રહેલ છે, છતાં તે શરીરથી અલગ છે. આ પ્રમાણે પ્રભુના મુખથી વેદપદોનો સાચો અર્થ સાંભળીને ઇન્દ્રભૂતિનો સંશય નાશ પામવાથી તેનું અભિમાન ચાલ્યું ગયું. અને વિનીત અને નમ્ર બની તરતજ તે ઇન્દ્રભૂતિ પ્રભુના ચરણોમાં નમી પડ્યો અને પ્રભુ પાસે પોતાના પાંચસો વિદ્યાર્થી શિષ્યો સહિત દીક્ષા લઇ પ્રભુનો પ્રથમ અનન્ય વિનીત શિષ્ય થયો. પ્રભુએ તેજ વખતે તેને **''ઉપન્નેઈવા'' ''વિગમેઈવા'' ''ધુવેઈવા''**એ ત્રિપદી આપી તેનો વિનીત ભાવે સ્વીકાર કરી ઇન્દ્રભૂતિએ તરતજ દ્વાદશાંગીની રચના કરી.

આમતો ભગવાન મહાવીર કરતા પણ ઇન્દ્રભૂતિ ઉંમરમાં મોટા હતા. ભગવાન મહાવીરને જ્યારે કેવળજ્ઞાન થયું છે ત્યારે પ્રભુ ૪૨ વર્ષની ઉંમરના હતા. અને એ દિવસે દીક્ષા લીધી ત્યારે ઇન્દ્રભૂતિ ૫૦ વર્ષના હતા. ભગવાન મહાવીરનું કુલ આયુષ્ય ૭૨ વર્ષ હતું. ગૌતમનું કુલ આયુષ્ય ૯૨ વર્ષ હતું. ભગવાન મહાવીર કરતા તેઓ ૨૦ વર્ષ ઉંમરમાં મોટા હતા. ભગવાન મહાવીર કરતા ૮ વર્ષ પહેલા એમનો જન્મ થયો હતો અને ૧૨ વર્ષ મોડો એમનો નિર્વાણ થયો હતો.

ઘર સંસારના ૫૦ વર્ષ પૂરા કરી ગૃહસ્થાશ્રમ છોડીને સાધુ બન્યા. તેઓ કુલ ૪૨ વર્ષ ચારિત્ર પર્યાયપાળી સાધુ તરીકે વિચર્યા. અને આ ૪૨ માં પણ ૩૦ વર્ષ છદ્મસ્થ પણે રહી ભગવાન મહાવીરની સાથે છાયાની જેમ સાથે રહીને સતત સેવા-ભક્તિ કરી છે. ભગવાન મહાવીરના નિર્વાણની રાત્રિ આસોની અમાવસ્યાના અન્તિમ પ્રહરે અર્થાત્ કાર્તિક માસના મંગલ પ્રભાતે તેઓશ્રી ઉંમરના ૮૦ માં વર્ષે

કેવળજ્ઞાની-સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. અને ૧૨ વર્ષ સુધી કેવળજ્ઞાની તરીકે આ ધરાતલને પાવન કરતા વિચર્યા.

ચોથા આરામાં જન્મેલા અને નિરૂપક્રમ આયુષ્ય ધરાવતા પૂજ્ય ઈન્દ્રભૂતિ ગૌતમ વજ્રઋષભનારાચ નામનું પ્રથમ સર્વોત્તમ શરીરનું સંઘયણ તથા મોક્ષગમનયોગ્ય સમચતુરસ્ત્ર સંસ્થાન ધરાવતા હતા. એમની તપશ્ચર્યા અજોડ હતી. આજીવન છટ્ઠના પારણે છટ્ઠની તપશ્ચર્યા તેમણે કરી છે.

અનેક લબ્ધિઓના નિધાન ઈન્દ્રભૂતિ ગૌતમ લબ્ધિભંડાર હતા. એક પાત્રમાં અંગૂઠો રાખી ૧૫૦૦ તાપસોને પારણું કરાવ્યું. સૂર્યની કિરણો પકડીને અષ્ટાપદતીર્થ ચઢ્યા. જંઘાચારણ લબ્ધિ વગેરે અનેક લબ્ધિઓ તેમની પાસે હતી. ''કેવલતે કેવળરૂપ હુ એરે''એ જેને દીક્ષા આપતા તેને કેવળજ્ઞાન થતું હતુ. ત્રિપદી પામી દ્વાદશાંગીના રચયિતા અને ૧૪ પૂર્વોના જ્ઞાતા ગૌતમ છદ્મસ્થકાળથી જ હતા. પ્રભુ મહાવીરના નિર્વાણ પછી ૧૨ વર્ષે ગૌતમનું નિર્વાણ થયું. તેઓ ૯૨ વર્ષની દીર્ઘવયે રાજગૃહી પધાર્યા અને ત્યાં અન્તિમ સાધનારૂપે ૧ માસનું (પાદપોપગમન અનશન) સંલેષણા કરીને અન્તે દેહ છોડીને સદાને માટે અજર-અમર-અવિનાશી બની ગયા. સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિરંજન-નિરાકાર બની ગયા. પ્રભુ મહાવીરના પ્રથમ શિષ્ય-પ્રથમ ગણધર તરીકે મોટું સદ્ભાગ્ય મેળવી ચૂકેલા ઈન્દ્રભૂતિ ગૌતમ આજે પણ ''ગૌતમસ્વામી''ના નામથી પ્રસિદ્ધ છે.

## ©e ,,ti,{MĎt{eS™wk yüf

©eELÿ¼w®, ĎËw¼qr,..wºtk,
…]Úĕ¼Ďk ,,ti,{-,,tiºt-hí™{T ;
M,wĎÂL, ŒuĎtàËwh-{t™ĎuLÿt:,
Ë,,ti,{tuÞåA,wĎtkrA,k{u. >>1>>

©eĎØo{t™t,T rºt.Œe{ĎtÃÞ,
{wq¥to-{tºtuý f],tr™Þu™;
yÊ,,tr™..qĎtorý [,wŒqtr..,
Ë,,ti,{tuÞåA,wĎtkrA,k{u. >>2>>

©e-Ďeh-™tÚtu™..wht«ýe,k,
{Lºt {nt™LŒ-Ëw¾tÞ ÞMÞ ;
aÞtÞLíÞ{e Ëqrh-Ďht:Ë{,,út:,
Ë,,ti,{tuÞåA,wĎtkrA,k{u. >>3>>

ÞMÞtr¼Ät™k{w™Þtuàr…ËĎuo,
,,]nTýÂL, r¼ûtt-¼ú{ýMÞ ft÷u ;
r{ütL™-..t™tBfh-..qýo-ft{t:,
Ë,,ti,{tuÞåA,wĎtkrA,k{u. >>4>>

yüt.Œtÿti ,,,,,™u MĎ-þfTíÞt,
ÞÞti rs™t™tk..Œ-ĎLŒ™tÞ ;
r™þBÞ ,eÚttor,þÞk Ëwhu,ÇÞ:,
Ë,,ti,{tuÞåA,wĎtkrA,k{u. >>5>>

rºt.k[-ËkÏÞtþ,-,t.Ët™tk,
,…:-f]þt™t{..w™¼oĎtÞ ;
yûtey-÷çaÞt ..h{tL™-Œt,t,
Ë,,ti,{tuÞåA,wĎtkrA,k{u. >>6>>

ËŒÂûtýk¼tus™{uĎŒuÞk,
ËtÄŠ{f Ëk½-Ë.ÞoÞur, ;
fiĎÕÞ-Ď†k«ŒŒti{w™e™tk
Ë,,ti,{tuÞåA,wĎtkrA,k{u. >>7>>

rþĎk ,,,u¼,orh Ďeh-™tÚtu,
Þw,,«Ät™íĎr{niĎ{íĎt ;
..ètr¼»tufturĎŒÄuËwhuLÿi:,
Ë,,ti,{tuÞåA,wĎtkrA,k{u. >>8>>

ºti÷tuÕÞ-ƒesk..h{uÂc-ƒesk,
Ëß¿tt™-ƒesk rs™hts-ƒes{T ;
ÞL™t{ [tuÕ,k rĎŒÄtr, rË®Ø,
Ë,,ti,{tuÞåA,wĎtkrA,k{u. >>9>>


©e ,,ti,{ MÞtüf{tŒhuý,
«ƒtuÄ-ft÷u {wr™-..wÊT,ĎtÞu ;
..XÂL, ,uËqrh.ŒkËŒiĎt,
àà™LŒk ÷¼L,u r™,htk¢{uý >>10>>


# (લઘુ સંગ્રહણી) જૈન ભૂગોળ

- આ. હરિભદ્રસૂરિ મ.

આપણે જે દ્વીપમાં રહિએ છીએ એનું નામ જંબૂદ્વીપ કેમપડ્યું ?

આ દ્વીપનો અધિષ્ઠાયક દેવ અનાદ્રુત ઉત્તર કુરૂમાં આવેલા મહા જંબુવૃક્ષ ઉપર નિવાસ કરે છે.આ મહાજંબુવૃક્ષ ૬ વલયથી વીંટાળાયેલું છે. તેની એક ડાળી પોણા ચાર યોજનની છે. એવી ચાર દિશામાં ચાર ડાળી છે. મધ્યમાં એક વીડીમા નામની ૬ યોજન ઉંચી ડાળી છે. આ જંબૂવૃક્ષ ૮ યોજન ઉંચુ, ૮ યોજન લાંબુ અને ૮ યોજન પહોળું છે. તેના થડની જાડાઇ ૨ ગાઉ છે અને ઉંચાઇ ૨ યોજન છે. વીડીમાં શાખાપર દેવાલય છે. ચાર શાખાપર રહેવાના નિવાસ સ્થાનો છે. ચાર શાખામાં જે પૂર્વની શાખા છે તેને પ્રાસાદ કહેવાયછે. અને બીજી ત્રણ દિશામાં ભવન છે.






છ વલયમાં અનુક્રમે ૧૦૮,૩૪૦૧૧, ૧૬૦૦૦, ૩૨૦૦૦૦૦, ૪૦૦૦૦૦૦, ૪૮૦૦૦૦૦ જંબુવૃક્ષ છે. એમનો સરવાળો કરતાં મહાજંબુવૃક્ષ૧,૨૦૫૦૧૨૦ એવા નાના મોટા

શાશ્વત જંબુવૃક્ષોથી પરિવરેલું છે. તેથી જ આ દ્વીપનું નામ જંબુદ્વીપ છે.

## ૧. ખંડો

પ્રથમ દ્વારમાં જંબુદ્વીપમાં આવેલા ખંડોની સમજ આપીને ગણત્રી કરવામાં આવે છે.

**णउ असयं खंडाणं, भरह पमाणेण भाइए लक्खे ।**
**अहवा णउअसय गुणं, भरह पमाणं हवइ लक्खं ।। ३ ।।**

ભરતના પ્રમાણથી લાખને ભાગીએ તો એકસો નેવું ખંડો થાય છે. અથવા એકસો નેવું ગણું ભરતનું પ્રમાણ લાખ (યોજન) થાય છે.

આ જંબુદ્વીપમાં ભરત ક્ષેત્ર તથા ઐરાવત ક્ષેત્ર આ બે નાના ખંડ છે. બંન્ને સમાન પહોળાઇ વાળા છે. એમની પહોળાઇ ૫૨૬ યોજન છે. સંપૂર્ણ જંબુદ્વીપની પહોળાઇ એક લાખ યોજન છે. જો આપણે ભરત કે ઐરાવત ક્ષેત્રને એક ખંડ ગણીએ તો આવા ૧૯૦ ખંડ જંબુદ્વીપમાં થઇ શકે છે.

૫૨૬ $\frac{૬}{૧૯}$ × ૧૯૦=૧,૦૦,૦૦૦    અથવા ૧,૦૦,૦૦૦ ÷ ૫૨૬ $\frac{૬}{૧૯}$ =૧૯૦

હવે ક્યા ક્યા ક્ષેત્રમાં કેટલા -કેટલા ખંડો છે તેની ગણત્રી જણાવે છે.

**अहविग खंड भरहे, दो हिमवंते अ हेमवइ चउरो ।**
**अट्ठ महाहिमवंते, सोलस खंडाइं हरिवासे ।। ४ ।।**
**बत्तीसं पुण निसढे, मिलिया तेसट्ठि बीयपासेऽवि ।**
**चउसट्ठी उ विदेहे, तिरासिपिंडे उ णउअसयं ।। ५ ।।**

ભરત ક્ષેત્રમાં એક , હિમવંત પર્વતમાં બે, હિમવંત ક્ષેત્રમાં ચાર, મહાહિમવંતમાં આઠ, હરિવર્ષમાં સોળ, અને નિષધ પર્વતમાં ૩૨ આ બધા મળીને ત્રેસઠ, બીજી બાજુના (ઐરાવત તરફના) ત્રેસઠ તથા વિદેહના ચોસઠ એમ કુલ બધાનો સરવાળો કરતાં ૧૯૦ ખંડો થાય છે.

જંબુદ્વીપના વચમાં - મધ્યમાં મેરુપર્વત છે અને મહાવિદેહ ક્ષેત્ર છે. મહાવિદેહ ક્ષેત્રની એક બાજુ ભરત ક્ષેત્ર છે તો બીજી બાજુ ઐરાવત ક્ષેત્ર છે. ભરત ક્ષેત્ર સાથે હિમવંત પર્વત, હિમવંત ક્ષેત્ર છે તેમજ મહાહિમવંત પર્વત અને હરિવર્ષ ક્ષેત્ર છે. તેમજ નિષધ પર્વત છે.

ઐરાવત ક્ષેત્ર સાથે શિખરી પર્વત તથા હિરણ્યવંત ક્ષેત્ર છે તેમજ રૂક્મિ પર્વત, રમ્યક્ ક્ષેત્ર તથા નીલવંત પર્વત છે.

ભરત તેમજ ઐરાવત ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રદેશમાં બન્ને બાજુ ૬૩-૬૩ ખંડો છે તથા મહાવિદેહક્ષેત્રના ૬૪ ખંડો છે. એમ કુલ ૧૯૦ ખંડો છે.

| | | | |
|---|---|---|---|
| ૧. ભરત ક્ષેત્ર | ૧ ખંડ | વિસ્તાર ૫૨૬ $\frac{૬}{૧૯}$ | યોજન |
| હિમવંત પર્વત | ૨ ખંડ | વિસ્તાર ૧૦૫૨ $\frac{૧૨}{૧૯}$ | યોજન |
| હિમવંત ક્ષેત્ર | ૪ ખંડ | વિસ્તાર ૨૧૦૫ $\frac{૫}{૧૯}$ | યોજના |

| | | |
|---|---|---|
| મહાહિમવંત પર્વત- | ૮ ખંડ વિસ્તાર ૪૨૧૦ ૧૦/૧૯ | યોજન |
| હરિવર્ષ ક્ષેત્ર - | ૧૬ ખંડ વિસ્તાર ૮૪૨૧ ૧/૧૯ | યોજન |
| નિષધ પર્વત - | ૩૨ ખંડ વિસ્તાર ૧૬૮૪૨ ૨/૧૯ | યોજન |
| | ૬૩ ખંડ | |

ઐરાવત ક્ષેત્ર સાથે જોડાયેલા ક્ષેત્ર સમાન છે નામ જુદા છે.

| | | |
|---|---|---|
| ઐરાવત ક્ષેત્ર - | ૧ ખંડ વિસ્તાર ૫૨૬ ૬/૧૯ | યોજન |
| શિખરી પર્વત - | ૨ ખંડ વિસ્તાર૧૦૫૨ ૧૨/૧૯ | યોજન |
| હિરણ્યવંત ક્ષેત્ર- | ૪ ખંડ વિસ્તાર ૨૧૦૫ ૫/૧૯ | યોજ |
| રૂક્મિ પર્વત - | ૮ ખંડ વિસ્તાર ૪૨૧૦ ૧૦/૧૯ | યોજન |
| રમ્યક્ ક્ષેત્ર- | ૧૬ ખંડ વિસ્તાર ૮૪૨૧ ૧/૧૯ | યોજન |
| નીલવંત પર્વત- | ૩૨ ખંડ વિસ્તાર ૧૬૮૪૨ ૨/૧૯ | યોજન |
| | ૬૩ | |


૬૩ + ૬૩ + ૬૪ = ૧૯૦

ભરત ઐરાવત મહાવિદેહ

આવી રીતે જંબુદ્વીપના ક્યા ક્ષેત્રમાં, ક્યા પર્વતના કેટલા ખંડો થાય છે તે જણાવીને એની (ખંડોની) કુલ સંખ્યા ૧૯૦ જણાવી છે.

**जोयणपरिमाणाइं,**
**समचउरंसाइं इत्थ खंडाइं ।**
**लक्खस्स य परिहीए,**
**तप्पायगुणे य हुंतेव ।। ६ ।।**

લાખની પરિધિને તેના પા ભાગે ગુણવાથી યોજન પ્રમાણના સમચોરસ ખંડો થાય છે.



# શ્રાવક દિનકૃત્ય

જાગત હૈ સો પાવત હૈ...

## શ્રાવકનું પ્રથમ દિનકૃત્ય

સવારના ઉંઘમાંથી જાગૃત થવું આ શ્રાવકનું પ્રથમ દિન કૃત્ય છે. શ્રાવક કેમ જાગે ? ક્યારે જાગે આ વાત બતાવતાં કહે છે :- **નવકારેણ વિબુદ્ધો**

એજ વાત સમજાવતાં શ્રાવકના કરણીની સજ્ઝાયમાં જણાવે છે-

**શ્રાવક તું ઉઠે પરભાત, ચાર ઘડી રહે પાછલી રાત, મનમાં સમરે શ્રી નવકાર.**

સાચો શ્રાવક ચાર ઘડી રાત્રી બાકી હોય એટલે સૂર્યોદયથી ૯૬ છન્નુ મિનિટ પહેલા નવકારમંત્રનું સ્મરણ કરતાં જાગૃત થાય...

એમ કરતાં આલોકમાંયશ...કીર્તિ... બુદ્ધિ... શરીર... ધન... વ્યાપારાદિનો અને પરલૌકિક ધર્મકૃત... વ્રત-નિયમ-પચ્ચક્ખાણ પ્રમુખનો લાભ થાયછે. પણ જે સવારના નવકાર મંત્રના સ્મરણ સાથે યથાસમય જાગ્રત ન થાય તેમને બુદ્ધિ ઋદ્ધિ અને આયુષ્યની હાનિ થાય છે...

લૌકિક-શાસ્ત્રો પણ કહે છે કે -

**રાતે વહેલા જે સુવે, વહેલા ઉઠે વીર; બળ, બુદ્ધિ, ધન બહુ વધે, સુખી રહે શરીર.**

આજે આપણે વ્યવહારમાં નજર કરીશું તો ખ્યાલ આવશે કે આપણે શ્રાવક-જીવનના પ્રથમ કર્તવ્યને આચરવામાં જ નિષ્ફળ ગયા છીએ. સવારના ઉઠવાનું મોડું થાય એટલે કેટલાક કાર્યોમાં કાપ મુકવો પડે... કેટલાક કાર્યો છોડવા પડે... અને અનાદિના સંસારના સંસ્કારો આપણને સંસારમાં એવા લુબ્ધ બનાવે કે આપણે ધર્મની આરાધનાનો ત્યાગ કરીએ છીએ... આરાધનામાં સુસ્ત અને સંસારમાં મસ્ત બનીએ છીએ જેથી દુઃખમાં ત્રસ્ત બનવાનો સમય આવે છે.

ચાલો આ બધાથી મુક્ત થઇને પરમાત્મ આજ્ઞાની આરાધનાની શુભ શરૂઆત સવારના ચાર ઘડી પાછલી રાત બાકી હોય ત્યારે નવકાર મંત્રના સ્મરણથી જાગીને કરીએ...

**નવકાવર મંત્રનું સ્મરણ શા માટે ?**

નવકારમંત્રનું સ્મરણ કરવાથી આ વિશ્વની સર્વ મહાવિભુતિઓ... અરિહંત-સિદ્ધ- આચાર્ય-ઉપાધ્યાય અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાય છે... એમનું નામસ્મરણ આપણા તન-મન-જીવનને ધન્ય બનાવે છે... પાપનો નાશ કરી પુણ્યના ભંડારને ભરપૂર કરે છે... આલોકના ચોર, સિંહ, સર્પ, પાણી અગ્નિ, બંધન, રાક્ષસ, રોગ આદિના ભયમાંથી મુક્ત કરે છે... જીવનને અભય

બનાવે છે. નવકારમંત્રનું સ્મરણ પરલોકમાં સુખ અને સદ્ગતિને આપે છે.

નવકારમંત્રનો એક અક્ષર સાત સાગરોપમનું પાપ દૂર કરે છે... નવકાર મંત્રના એક પદનું સ્મરણ કરવાથી પચાસ સાગરોપમનું પાપ નાશ પામે છે. એક સંપૂર્ણ નવકાર ગણવાથી પાંચશો સાગરોપમના પાપનો ક્ષય થાય છે... વિધિપૂર્વક દેવાધિદેવ તીર્થંકર પરમાત્માની પૂજા કરીને ભાવપૂર્વક એક લાખ નવકાર મંત્રનો જાપ કરનાર તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે છે... તથા આઠ ક્રોડ આઠ લાખ આઠ હજાર આઠસો ને આઠ (૮૦૮૦૮૮૦૮) નવકાર ગણનાર સાધક ત્રીજે ભવે મોક્ષ પદને પ્રાપ્ત કરે છે...

કામધેનુ... ચિંતામણી... કે કલ્પવૃક્ષ તો આ ભવના સુખોને આપે છે જ્યારે નવકાર મંત્ર તો આ ભવમાં પાપથી મુક્તિ... દુઃખથી મુક્તિ અપાવે છે...સુખ શાંતિ અને સમાધિ અપાવે છે તથા પરલોકમાં સદ્ગતિને નિશ્ચિત કરે છે...

**નવકારથી આલોકમાં સુખ પ્રાપ્તિ**

એક નગરમાં ધર્મપ્રેમી શ્રેષ્ઠી વસે છે. આ શ્રેષ્ઠિનો પુત્ર શિવકુમાર જુગાર આદિ સાત વ્યસનમાં લયલીન બનેલો છે. પિતા ઘણું સમજાવે છે પણ એ પોતાના વ્યસનોથી પાછો હટતો નથી પિતાએ મરણ વખતે પોતાના વ્યસની પુત્રને અંતિમ શિખામણ આપતાં કહ્યું- ''હે શિવકુમાર ! બસ હવે હું તો પળ બે પળનો મહેમાન છું... તારા જીવનમાં ક્યારેય કોઇ કષ્ટ આવે... તકલીફ થાય તો તું નવકાર મંત્ર ગણજે. એના શરણે જજે... નવકાર મંત્ર તારું રક્ષણ કરશે.'' બસ આટલું બોલતાં શેઠ દુનિયા છોડી પરલોકમાં ચાલ્યા ગયા.

દુર્વ્યસનમાં બધું જ ધન ગુમાવી દઇને શિવકુમાર નિર્ધન બની ગયો. ધનને મેળવવા જ્યાં ત્યાં ફાંફાં મારવા લાગ્યો... એકદા ધનાર્થી અને દુષ્ટ પરિણામવાળા એક ત્રિદંડી યોગીના કહેવાથી કાળીચૌદસની રાતે સ્મશાનમાં એનો ઉત્તર સાધક બની હાથમાં ખડગ લઇ યોગીએ બતાવેલ મડદાના પગ મસળવા લાગ્યો ત્યાં બે ત્રણવાર તે શબ ઉભું થઇ તેને મારવા આવ્યું તેથી ગભરાયેલો શિવકુમાર મનમાં નવકાર મંત્ર ગણવા લાગ્યો... નવકાર મંત્રના પ્રભાવથી તે શબ શિવકુમરને મારી ન શક્યું. અંતે તે શબે પેલા યોગીને જ ખલાસ કર્યા.. એનો વધ કર્યો જેથી યોગી જ સુવર્ણમય બની ગયો.

નવકારમંત્રના પ્રભાવથી શિવકુમાર બચી ગયો... ઘણી રિદ્ધિ પામ્યો... સત્કાર્યો કરીને સદ્ગતિને પામ્યો આ છે નવકારનો પ્રભાવ.

**નવકારથી પરલોકમાં સદ્ગતિ અને સમૃદ્ધિ**

ભરુચ નગરીની પાસેના વનમાં એક વડના ઝાડ ઉપર બેઠેલી સમળી ઉપર પારધીએ બાણ છોડ્યું... ક્ષણવારમાં બાણે સમળીને વીંધી નાખી... સમળી વેદનાથી આકુળ-વ્યાકુળ બની નીચે પડીને તરફડવા લાગી... કોક પુણ્યના ઉદયથી માર્ગમાંથી નિકળેલા મુનિરાજે સમળીનો અંત સમય જાણી એને નવકારમંત્ર સંભળાવ્યો... નવકાર મંત્ર સાંભળતા આયુષ્ય પૂર્ણ કરી સમળીનો જીવ સિંહલદ્વિપના રાજાની સુદર્શના

નામે રાજકુમારી પણે ઉત્પન્ન થયો. યુવાન અવસ્થાને પામેલી આ રાજકુમારીને રાજસભામાં છીંક આવતા એક શેઠના મુખેથી નિકળેલા ''નમો અરિહંતાણં'' પદને સાંભળીને જાતિસ્મરણ જ્ઞાન થયું... અને નવકારના પ્રભાવે પોતે રાજકુમારી બની છે તે જાણીને ભરૂચ નગરીની પાસેના વનમાં ઝાડ પાસે સુંદર **'સમળી વિહાર'** નામનું જિનાલય બંધાવ્યું. જીવનને ધર્મમય... આરાધનામય... નવકારમય બનાવી આત્મકલ્યાણ સાધ્યું.

એવા પ્રકારે નવકાર મંત્રના સ્મરણથી જીવ પરલોકમાં સુખ અને સદ્ગતિને પ્રાપ્ત કરે છે.

## જપનો કરો ખપ

**જપ એટલે શું ?**

અચિંત્ય શક્તિથી ભરેલા મંત્રાક્ષરોનું વારંવાર રટણ, ઉચ્ચારણ કે સ્મરણ જપ કહેવાય છે.

જપ શબ્દનો અર્થ જણાવતા કહેવાય છે-

**''ज''कारो जन्मविच्छेद:, ''प''कारो पापनाशक: ।**
**तस्माज्ञपइति प्रोक्तो, जन्मपापविनाशक: ।।**

**''જ''** જન્મના વિચ્છેદનો સૂચક છે અને

**''પ''** એ પાપનો વિનાશ કરનાર છે તેથી જ જપ એ જન્મ અને પાપ બન્નેનો વિનાશ કરનાર (અર્થાત અજરામર બનાવનાર) છે.

સંસારની ગલીઓમાં ભટકતા મનને શુભ વિચારોમાં એકાગ્ર કરવાની અદ્ભૂત શક્તિ મંત્ર જપમાં છે. મનના વિચારોના શુદ્ધિ કરણમાં એનો મહત્વનો ફાળો છે. મનને ધ્યાનમાં લઇ જવા માટેની પૂર્વ તૈયારી જપ દ્વારા થાય છે. અશુભ કર્મનો પ્રવાહ અટકી પડે છે અને આત્મા વધારે ને વધારે નિર્મળતા પ્રાપ્ત કરે છે. સંસારમાં સતત આર્તધ્યાન લયલીન બનેલું મન જપ દ્વારા આર્ત અને રૌદ્ર ધ્યાનથી મુક્ત થઇને ધર્મધ્યાનમાં જોડાઇ જાય છે. મંત્ર જપનું ઉંડાણ જેમ જેમ વધતું જાય તેમ તેમ આજુબાજુના વાતાવરણને... સ્નેહિ... સબંધીને... અને આગળ વધતા સ્વયંના દેહને ભૂલી આત્મા પોતાના દેહાતીત સ્વરૂપને અનુભવે છે... આત્માનુભૂતિ એને સંસારના ભૌતિક સુખો તરફ વૈરાગી અને ઉદાસીન બનાવે છે. સાધકનું મન સંસારથી દૂર થતું જાય છે... આત્માની નજીક પહોંચાડે છે... માનવ ભવને સફળ બનાવે છે.

આવા મંત્ર જાપના અનેક પ્રકાર છે પણ આપણે અહિં જપના મુખ્ય ત્રણ પ્રકારનોજ વિચાર કરીશું. મંત્ર જપ કરનાર વ્યક્તિનું લક્ષ્ય ભૌતિક સુખ નહીં પણ અધ્યાત્મિક પ્રાપ્તિનું હોવું જોઇએ.

**મંત્ર જાપના પ્રકાર :-**

સામાન્યથી મંત્ર જાપના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે-

**૧) ભાષ્ય અથવા વાચિક જાપ :-** જે જાપ મોટેથી કરવામાં આવે અથવા જ્યારે બીજા સાંભળી શકે એવી રીતે મંત્રોચ્ચાર કરવામાં આવે ત્યારે એ ભાષ્ય અથવા વાચિક જાપ કહેવાય છે. આ જાપનો સ્થુલ પ્રકાર છે. સમુહ આરાધનામાં આ જાપ ઉપયોગી થાય છે. જાપ માર્ગમાં પ્રવેશ કરનાર માટે આ પ્રાથમિક કક્ષા છે. આ જાપ પ્રાથમિક ભૂમિકામાં મનની એકાગ્રતા કરવામાં સહાયક બને છે.

**૨) ઉપાંશુ જાપ :-** આ જાપનો બીજો પ્રકાર છે. આ પ્રકારમાં મંત્રનું રટણ કરવામાં આવે છે પણ એ જાપ બીજા સાંભળી ન શકે એટલો સૂક્ષ્મ હોય છે. આ સાધકની મધ્યમ કક્ષા છે. આ જાપનું ફળ ભાષ્ય અથવા વાચિક જાપ કરતાં અનેક ગણું છે. સાધકને માનસ જાપમાં લઇ જવા માટે આ સેતુ સમાન છે. આ જાપથી મનની એકાગ્રતામાં અનેરી વૃદ્ધિ થાય છે.

**૩) માનસ જાપ :-** માનસ જાપ સૂક્ષ્મ છે આ જાપની અંદર બાહ્ય કે અભ્યંતર મંત્રનું ઉચ્ચારણ નથી હોતું. આ જાપ અભ્યંતર સંવેદનારૂપ છે આ માનસ જાપનું ફળ ઘણું વધારે હોય છે. માનસ જાપ સાધકને ધ્યાન માર્ગમાં પ્રવેશ કરાવવાનું સામર્થ્ય ધરાવે છે.

**મંત્રજાપ આરાધના માટે જરૂરી સુચન :-**

૧. મંત્ર જાપ કરવા શુદ્ધ, એકાંત, શાંત સ્થાનની પસંદગી કરવી.
૨. મંત્ર જાપ કરવા ગરમ આસનનો અવશ્ય ઉપયોગ કરવો.
૩. મંત્ર જાપ કરવા પૂર્વ અથવા ઉત્તર દિશા સન્મુખ બેસવું
૪. મંત્ર જાપ કરવા મૌન લઇને બેસવું. કોઇ પણ પ્રકારની વાતચીત કે ઇશારા કરવા નહીં.
૫. વસ્ત્ર અને શરીર શુદ્ધિનો ખાસ ઉપયોગ રાખવો.
૬. મંત્ર જાપ કરવા સુખાસન, પર્યંકાસન કે પદ્માસનમાં બેસવું.
૭. સ્થિરતાથી મંત્ર જાપ કરવો. હાલતા ચાલતા ન કરવો.
૮. વધારે ખાધેલું હોય, આળસ કે નિદ્રા આવતી હોય ત્યારે મંત્ર જાપ ન કરવો.
૯. જમીને તરત મંત્ર જાપ ન કરવો.
૧૦. પ્રસન્ન મુખમુદ્રામાં તથા પ્રસન્ન ચિત્ત રાખીને મંત્ર જાપ કરવો.
૧૧. સ્થાન, આસન, દિશા તથા માળામાં વારે ઘડીયે ફેરફાર કરવો નહીં.
૧૨. મંત્ર જાપ માટે ત્રણ સંધ્યાનો સમય શ્રેષ્ઠ મનાય છે. સવારના સૂર્યોદયથી પહેલા અને પછી, બપોરના મધ્યાહ્નથી અને સાંજે સૂર્યાસ્તથી પહેલા અને પછી એક એક ઘડી સંધ્યા સમય કહેવાય છે.
૧૩. સાધકે મંત્ર જાપ કરતાં પહેલા પોતાના મનને બધા વિષયો અને બાહ્ય પ્રપંચમાંથી પાછું ખેંચીને મંત્ર જાપમાં જોડવું .
૧૪. મંત્ર જાપ મધ્યમ ગતિમાં કરવો. ઉતાવળ કરવી નહીં.

**(જાપમાં સહાયતા માટે પાના નં. ૪ ના ચિત્રને જુઓ-સમજો)**

# કર્મવિજ્ઞાન

(આધાર ગ્રંથ - ''કર્મ વિપાક'' (પ્રથમ કર્મગ્રંથ)

આ. દેવેન્દ્રસૂરિ મ.

## કર્મોનો ઉપન્યાસ ક્રમ

અહિં કર્મોનો જે ક્રમ આપવામાં આવ્યો છે તે શાસ્ત્રોક્ત છે. આ ક્રમ એમને એમ આપવામાં નથી આવ્યો પરંતુ એની પાછળ સવિશેષ કારણ રહેલું છે. આપણે એને જાણવાનો પ્રયત્ન કરીશું.

આત્માના અનંત ગુણ છે પરંતુ આ બધામાં જ્ઞાન-દર્શન મુખ્ય છે. જ્ઞાન-દર્શનમાં પણ જ્ઞાન ગુણ મુખ્ય છે. જ્ઞાનને આવરે તે જ્ઞાનાવરણીય કર્મ હોવાથી જ્ઞાનાવરણીય કર્મ પહેલું રાખ્યું છે.

જ્ઞાન પછી દર્શન ગુણ આવતો હોવાથી તેને આવરનાર દર્શનાવરણીય કર્મ બીજા ક્રમે રાખવામાં આવેલ છે.

જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોના ઉદયમાં જીવ સુખ-દુઃખનું વેદન કરે છે તેથી ત્રીજા ક્રમે વેદનીય કર્મ રાખવામાં આવેલ છે.

જીવને જ્યારે સુખ-દુઃખનું કે શાતા-અશાતાનું વેદન થાય ત્યારે જીવને રતિ-અરતિ અને રાગ-દ્વેષ થાય છે. તેથી ચોથા નંબરે મોહનીય કર્મ રાખવામાં આવેલ છે.

મોહથી મુંઝાયેલો જીવ રાગ-દ્વેષ-કષાય અને આરંભ-સમારંભના કારણે તિર્યંચ-નરકાદિનું આયુષ્ય બાંધે તેથી પાંચમા ક્રમે આયુષ્ય કર્મ રાખવામાં આવ્યું છે.

આયુષ્ય કર્મના ઉદયમાં ગતિ-જાતિ-શરીરાદિની પ્રાપ્તિ થતી હોવાથી સાથે નામ કર્મનો ઉદય આવતો હોય છે. તેથી છટ્ઠા ક્રમે નામ કર્મ રાખવામાં આવ્યું છે.

જ્યાં શરીરાદિની પ્રાપ્તિ થાય ત્યાં અવશ્ય ઉચ્ચ અને નીચ ગોત્ર હોય જ તેથી સાતમા ક્રમે ગોત્ર કર્મ રાખવામાં આવેલ છે.

ઉંચ-નીચ ગોત્રના ઉદયે દાન-લાભાદિનો ઉદય કે વિનાશ થાય છે તેથી આઠમા ક્રમે અંતરાય કર્મ રાખવામાં આવ્યું છે.

આવી રીતે આઠ કર્મોના ઉપન્યાસનો ક્રમ હેતુ સહિત છે. હેતુ વિના કર્મની ગોઠવણ જેમ તેમ કરવામાં આવી નથી.

## જ્ઞાનાવરણીય કર્મ

**मइ -सुअ-ओही -मण - केवलाणि नाणाणि तत्थ-मइ-नाणं ।**
**वंजण-वग्गह चउहा मण नयण-विणिंदिय-चउक्का ।।८।।**

**ગાથાર્થ :** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ જ્ઞાનો છે. તેમાં મતિજ્ઞાન મન અને આંખો વિના ચાર ઇન્દ્રિયોને આશ્રયીને વ્યંજનાવગ્રહ ચાર પ્રકારે છે.

**અહીં પ્રથમ જ્ઞાનના મુખ્ય પાંચ ભેદ જણાવે છે -**

(૧) ઇન્દ્રિયો અને મનથી માનીએ - જાણીએ તે **મતિજ્ઞાન** છે.

(૨) સાંભળી કરીને જે જાણીએ તે **શ્રુતજ્ઞાન** છે.

(૩) અવધિ એટલે મર્યાદા, મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોને જાણવું તે **અવધિજ્ઞાન** છે.

(૪) મનમાં ચિંતવેલા અર્થને જાણવું તે **મનઃપર્યવજ્ઞાન** છે.

(૫) અખંડપણે લોકાલોકનું તથા રૂપી-અરૂપી સર્વ દ્રવ્યનું તથા જીવાજીવના સર્વ પર્યાયનું સમકાળે જાણવું તે **કેવળજ્ઞાન** છે.

આ પાંચ જ્ઞાનના ભેદમાં પ્રથમ બે જ્ઞાન ઇન્દ્રિયાદિની સહાયથી થાય છે માટે તે પરોક્ષ જ્ઞાન છે અને છેલ્લા ત્રણ જ્ઞાન આત્માથી જ થતા હોવાથી પ્રત્યક્ષજ્ઞાન છે.

## મતિજ્ઞાન

મતિજ્ઞાનના અઠ્યાવીસ (૨૮) ભેદ છે.

ઇન્દ્રિયોને પ્રાપ્ત વિષયપદાર્થનું અવ્યક્ત પણે જાણવું તે **વ્યંજનાવગ્રહ** કહેવાય છે.

પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન એમાંથી ચક્ષુ અને મનના વિષય અપ્રાપ્યકારી છે તેથી તેનો વ્યંજનાવગ્રહ ન હોય.

(ઝાડ ચક્ષુદ્વારા જોઇ શકાય છે પરંતુ ઝાડના પુદ્ગલો ચક્ષુને સ્પર્શતા નથી. મનથી બધા પ્રકારના વિચાર કરી શકીએ પરંતુ એ પદાર્થો મનને સ્પર્શતા નથી. પ્રાપ્ત થતા નથી.)

**अत्थुग्गह-ईहा-ऽ वाय-धारणा करण-माणसेहिं छ-हा ।**
**इय अट्ठ-वीस-भेअं, चउ-दस-हा वीस-हा व सुयं ।।५।।**

**ગાથાર્થ :** ઇન્દ્રિયો અને મનવડે કરીને અર્થાવગ્રહ ઇહા, અપાય, ધારણા છ પ્રકારે છે. એવી રીતે મતિજ્ઞાન અટ્ઠાવીસ ભેદ છે.

શ્રુતજ્ઞાન ચૌદ અથવા વીસ ભેદે છે.

વ્યંજનાવગ્રહ દ્વારા અવ્યક્ત બોધ થયા પછી -ઇન્દ્રિયોને વિષયપ્રાપ્ત પદાર્થનું સામાન્ય પણે જાણવું તે **અર્થાવગ્રહ** છે.

આ શું હશે ? એમ વિચારવું તે **ઇહા.**

તેનું નિર્ધારવું (નિશ્ચિત કરવું) તે **અપાય.**

તે ધારી રાખવું (યાદ રાખવું) તે **ધારણા.**

આવી રીતે વ્યંજનાવગ્રહના -૪ ભેદ.

| | |
|---|---|
| અર્થાવગ્રહના - | ૬ ભેદ |
| ઇહા ના - | ૬ ભેદ |
| અપાયના - | ૬ ભેદ |
| ધારણાના - | ૬ ભેદ |

આવી રીતે કુલ મતિજ્ઞાનના ૨૮ ભેદ થાય છે.



## મતિજ્ઞાનના ૨૮ ભેદ

### (અ) શ્રોતેન્દ્રિય :

(૧) તમે કાંઇક અવ્યક્ત અવાજ (શબ્દો) સાંભળ્યો.... ભાષા વર્ગણાના પુદ્ગલ તમારા કાનમાં પ્રવેશીને શ્રોતેંદ્રિયને સ્પર્શ્યા ત્યારે તમને જે અતિ અવ્યક્ત જ્ઞાન થયું તે **શ્રોતેન્દ્રિયનો વ્યંજનાવગ્રહ.**

૨. તે પછી ''કોઇએ મને સાદ દીધો'' એવું અવ્યક્ત જ્ઞાન તે **શ્રોતેન્દ્રિયનો અર્થાવગ્રહ**

૩. '' આ તો કોઇ સ્ત્રીનો અવાજ જણાય છે' એવી વિચારણા કરવી તે **શ્રોતેન્દ્રિય ઈહા.**

૪. આ તો સ્મિતા મને બોલાવે છે તેવો નિશ્ચય થાય તે **શ્રોતેન્દ્રિય અપાય.**

૫. તે પછી એ વાતને ઘણા સમય સુધી ધારી રાખે તે **શ્રોતેન્દ્રિય ધારણા.**



### (બ) ચક્ષુરિન્દ્રિય

રૂપના પુદ્ગલ અપ્રાપ્યકારી હોવાથી ચક્ષુને સ્પર્શ કરતા નથી તેથી ચક્ષુરિન્દ્રિયનો વ્યંજનાવગ્રહ ન હોય.

૬. તમે કોઇ અવ્યક્ત રૂપ જોયું... રૂપ જોતાં જ પ્રથમ સમયે જે અવ્યક્ત જ્ઞાન થયું તે **ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ.**

૭. આ ઝાડ છે કે કોઇ માણસ છે ? એવી વિચારણા તે **ચક્ષુરિન્દ્રિય ઈહા.**

૮. આ તો સ્થિર છે... હાલતું ચાલતું નથી માટે આ ઝાડ જ છે એવું જ્ઞાન તે **ચક્ષુરિન્દ્રિય અપાય.**

૯. તે પછી તેને ધારી રાખવું તે **ચક્ષુરિન્દ્રિય ધારણા.**



### (ક) ઘ્રાણેન્દ્રિય

તમને કોઇ અવ્યક્ત ગંધ આવી.


૧૦. તે ગંધના પુદ્ગલો ઘ્રાણેન્દ્રિયને સ્પર્શ્યા ત્યારે તમને જે અવ્યક્ત જ્ઞાન થયું તે **ઘ્રાણેન્દ્રિયનો વ્યંજનાવગ્રહ.**

૧૧. તે પછી કાંઇક સુગંધ આવે છે એવું અવ્યક્ત જ્ઞાન તે **ઘ્રાણેન્દ્રિયનો અર્થાવગ્રહ.**

૧૨. આ ગુલાબની સુગંધ છે કે કેવડાની ? એવી વિચારણા તે **ઘ્રાણેન્દ્રિય ઈહા.**

૧૩. આ તો ગુલાબની જ સુગંધ છે એવો નિશ્ચય થવો તે **ઘ્રાણેન્દ્રિય અપાય.**

૧૪. તે પછી તેને ધારી રાખવું તે **ઘ્રાણેન્દ્રિય ધારણા.**



### (ડ) રસનેન્દ્રિય

તમે કોઇ અવ્યક્ત રસ આસ્વાદ્યો.

૧૫. તે રસના પુદ્ગલ રસનેન્દ્રિયને સ્પર્શ્યા તે સમયે અતિ અવ્યક્ત પણે જે રસનું જ્ઞાન થયું તે રસનેન્દ્રિય વ્યંજનાવગ્રહ.

૧૬. તે પછી 'કાંઇક સ્વાદ જણાય છે' એવું જ્ઞાન તે **રસનેન્દ્રિયનો અર્થાવગ્રહ.**

૧૭. આ ગોળ છે કે ખાંડ છે ? આવી વિચારણા તે **રસનેન્દ્રિય ઈહા.**

૧૮. આ ગોળ નથી ખાંડ જ છે એવો નિશ્ચય તે **રસનેન્દ્રિય અપાય.**

૧૯. એ પછી તેને ધારી રાખવું તે **રસનેન્દ્રિય ધારણા.**

## (ઈ) સ્પર્શેન્દ્રિય



તમે અવ્યક્ત પણે કોઇ સ્પર્શ વેદ્યો.

૨૦. તે સ્પર્શના પુદ્ગલ તમારા સ્પર્શેન્દ્રિયને સ્પર્શ્યા તે સમયે સ્પર્શનું જે અતિ અવ્યક્ત જ્ઞાન થયું તે **સ્પર્શેન્દ્રિય વ્યંજનાવગ્રહ.**

૨૧. તે પછી 'મારા શરીરને કાંઇક સ્પર્શ થયો' એવું અવ્યક્ત જ્ઞાન તે **સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ.**

૨૨. 'આ સાપ છે કે દોરડું' એવી વિચારણા તે **સ્પર્શેન્દ્રિય ઈહા.**

૨૩. 'આ તો દોરડું નથી પણ સાપ જ છે' એવો નિશ્ચય તે **સ્પર્શેન્દ્રિય અપાય.**

૨૪. આ વાતને ધારી રાખવી તે **સ્પર્શેન્દ્રિય ધારણા.**

## (ઉ) મન

તમે અવ્યક્ત સ્વપ્ન જોઇને જાગ્યા.

સ્વપ્નમાં કોઇ વસ્તુ બને તેના પુદ્ગલ મનને સ્પર્શતા નથી તેમજ મન જે ચિંતન-વિચારણા કરે ત્યારે કોઇ વસ્તુ-વ્યક્તિના કોઇ પુદ્ગલ મનને સ્પર્શતા નથી તેથી મનનો વ્યંજનાવગ્રહ ન હોય.

૨૫. ચિંતન કરતા પ્રથમ સમયે જીવનુ જે અવ્યક્ત જ્ઞાન તે મનનો **અર્થાવગ્રહ.**

૨૬. એ સ્વપ્નમાં મેં શું જોયું ? તેની વિચરણા તે **મન ઈહા.**

૨૭. એ તો 'મેં સ્વપ્નમાં મંદિરજ જોયું' એવો નિશ્ચય તે **મન અપાય.**

૨૮. તે વાતને ધારી રાખવી તે **મન ધારણા.**

(આ મતિજ્ઞાનના ૨૮ ભેદ નંદીસૂત્રના આધારે કહ્યા છે.)

## શ્રુતજ્ઞાન

**अक्खर-सन्नि-सम्मं, साइअ खलु सपज्जवसिअं च ।**
**गम्मिअं अंगपविट्ठं, सत्तवि ए ए सपडिवक्खा ।।६।।**

ગાથાર્થ : અક્ષરશ્રુત, સંજ્ઞીશ્રુત, સમ્યક્શ્રુત, સાદિશ્રુત, સપર્યવસિતશ્રુત, ગમિકશ્રુત અને અંગપ્રવિષ્ઠ શ્રુત એમ આ સાત ભેદો તેના પ્રતિપક્ષ ભેદો સહિત કુલ ૧૪ શ્રુતજ્ઞાનના ભેદો જાણવા.

શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ નીચે મુજબ છે -

૧) અક્ષરશ્રુત. ૨) અનક્ષરશ્રુત. ૩)સંજ્ઞિશ્રુત. ૪) અસંજ્ઞિશ્રુત. ૫) સમ્યક્શ્રુત. ૬) મિથ્યાશ્રુત. ૭) સાદિશ્રુત. ૮) અનાદિશ્રુત. ૯) સપર્યવસિતશ્રુત. ૧૦) અપર્યવસિતશ્રુત. ૧૧) ગમિકશ્રુત. ૧૨) અગમિકશ્રુત. ૧૩) અંગપ્રવિષ્ઠશ્રુત. અને ૧૪) અંગબાહ્યશ્રુત.

**૧. અક્ષર શ્રુત-**

અક્ષર શ્રુતના ૩ પ્રકાર છે-

(૧) સંજ્ઞાક્ષર (૨) વ્યંજનાક્ષર. અને (૩) લબ્ધ્યક્ષર.

સંજ્ઞાક્ષર એટલે અઢાર પ્રકારની લીપી-અક્ષરના આકાર જાણવા.

વ્યંજનાક્ષર એટલે અકારાદિ હકાર પર્યંત બાવન અક્ષર મુખથી ઉચ્ચારવા.

આ બે અજ્ઞાનાત્મક છે પરંતુ શ્રુતના કારણ હોવાથી શ્રુત કહેવાય છે.

શબ્દો સાંભળીને અથવા લખેલા અક્ષર વાંચીને હૃદયમાં થતો અર્થબોધ તે લબ્ધ્યાક્ષર શ્રુત કહેવાય છે.

**૨. અનક્ષર શ્રુત**

અક્ષરોના ઉચ્ચારણ વિના મસ્તક હલાવી, હાથ હલાવી, ઇશારાથી, ઉધરસ, તાળી, ખોંખારો ખાવો, આંખના ઇશારે અથવા એવી બીજી ચેષ્ટાઓ દ્વારા જે બોધ થાય તે અનક્ષર શ્રુત કહેવાય છે.

**૩-૪ સંજ્ઞીશ્રુત-અસંજ્ઞીશ્રુત**

સંજ્ઞા ૩ છે - (૧) દીર્ઘકાલિકી સંજ્ઞા (૨) હેતુવાદો પદેશિકી સંજ્ઞા અને (૩) દષ્ટિવાદોપદે શિકી સંજ્ઞા.

આ ત્રણમાંથી દીર્ઘકાલિકી સંજ્ઞા જે જીવોને હોય છે તે જીવો સંજ્ઞી કહેવાય છે બાકીના જીવો અસંજ્ઞી કહેવાય છે.

દીર્ઘકાળની વિચારણા એટલે ભુત-ભવિષ્યનો વિચાર કરીને પછી જ કાર્યમાં પ્રવૃત્તિ કરે એ **દીર્ઘકાલિકી સંજ્ઞા** કહેવાય છે. આ સંજ્ઞાવાળા ગર્ભજ પંચેન્દ્રિય, મનુષ્ય, દેવ અને નારકી જાણવા.

જ્યાં માત્ર વર્તમાન કાળનો જ વિચાર છે... આગળ-પાછળની વિચારણા નથી તે **હેતુવાદોપદેશિકી સંજ્ઞા** છે. આ સંજ્ઞા વિકલેન્દ્રિય અને સમૂચ્છિંમ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યને હોય છે.

વીતરાગ પરમાત્માના આગમ અભ્યાસથી મોક્ષના ભાવથી આત્માના હિતની વિચારણા તે **દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા** છે તે ૪ થી ૧ ૨ મા ગુણસ્થાનકમાં વર્તતા સમ્યગ્દષ્ટિ જીવોને જ હોય છે.

સંજ્ઞી જીવોનું શ્રુત તે **સંજ્ઞી શ્રુત**

અસંજ્ઞી જીવોનું શ્રુત તે **અસંજ્ઞી શ્રુત**

**૫-૬ સમ્યક્શ્રુત-મિથ્યા શ્રુત**

સમ્યગ્દષ્ટિ પ્રણીત અને મિથ્યાદષ્ટિ પ્રણીત પરંતુ સમ્યગ્દષ્ટિ પાસે રહેલું શ્રુત તે સમ્યક્શ્રુત કહેવાય છે.

મિથ્યાદષ્ટિ પાસે રહેલું શ્રુત તે મિથ્યાશ્રુત કહેવાય છે.

**૭-૮-૯-૧૦ સાદિ-અનાદિ તથા સપર્યવસિત-અપર્યવસિત શ્રુત -**

જે શ્રુતજ્ઞાનનો પ્રારંભ થાય તે **સાદિ શ્રુતજ્ઞાન.**

જે શ્રુતજ્ઞાનનો પ્રારંભ ન હોય તે **અનાદિ શ્રુતજ્ઞાન.**

જે શ્રુતજ્ઞાનનો અંત થાય તે **પર્યવસિત શ્રુતજ્ઞાન.**

જે શ્રુતજ્ઞાનનો અંત ન હોય તે **અપર્યવસિત શ્રુતજ્ઞાન.**

આ ચાર ભાંગા ચાર પ્રકારે (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ) વિચારી શકાય છે.

**(૧) દ્રવ્યથી -** એક પુરષને આશ્રયીને શ્રુતનો પ્રારંભ પણ થાય અને મૃત્યુ-વિસ્મૃતી આદિના કારણે અંત પણ થાય તેથી તે **સાદિ-સપર્યવસિત** છે.

ઘણા પુરુષોને આશ્રયીને શ્રુતનો પ્રવાહ ચાલતો જ આવે છે તેથી પ્રારંભ નથી અને એનો અંત પણ નથી તેથી તે **અનાદિ - અપર્યવસિત** છે.

**(૨) ક્ષેત્રથી -** ભરત-ઐરાવત ક્ષેત્રમાં શ્રુતનો પ્રારંભ પણ છે અને અંત પણ છે તેથી ત્યાં **સાદિ-સપર્યવસિત** છે.

મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ શ્રુતજ્ઞાન છે જ. એનો પ્રારંભ પણ નથી અને એનો અંત પણ નથી તેથી તે **અનાદિ અપર્યવસિત** છે.

**(૩) કાળથી -** ઉત્સર્પિણી-અવસર્પિણી આશ્રયીને ભરત-ઐરાવત ક્ષેત્રમાં પ્રારંભ પણ છે અને અંત પણ છે તેથી **સાદિ-સપર્યવસિત** છે.

નો -ઉત્સર્પિણી-અવસર્પિણી આશ્રયીને મહાવિદેહ ક્ષેત્રમાં આરંભ પણ નથી અને અંત પણ નથી. સદાકાળ શ્રુતજ્ઞાન છે જ. તેથી **અનાદિ -અપર્યવસિત** છે.

**(૪) ભાવથી -** સમ્યગ્દષ્ટિ ભવ્ય જીવ આશ્રયી શ્રુતની આદિ પણ છે અને (કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં ) અંત પણ છે તેથી ભવસિદ્ધિયા આશ્રયીને **સાદિ-સપર્યવસિત** છે.

ક્ષાયોપશમિક ભાવે અથવા મિથ્યાદષ્ટિ અભવ્યને શ્રુતનો પ્રારંભ પણ નથી અને અંત પણ નથી તેથી તેમને આશ્રયીને **અનાદિ-અપર્યવસિત** છે.

**૧૧. ગમિકશ્રુત-** ગમા એટલે સરખા પાઠ. જ્યાં (પ્રાયઃ) દષ્ટિવાદમાં સરખા પાઠ અથવા આલાવા આવે તે **ગમિક શ્રુત** છે.

**૧૨. અગમિક શ્રુત -** અગમા એટલે અણસરખા પાઠ. જ્યાં અણસરખા પાઠ અથવા આલાવા હોય તે **અગમિક શ્રુત** છે.

**૧૩. અંગપ્રવિષ્ઠ શ્રુત -** અરિહંત પરમાત્મા કેવળજ્ઞાન પછી દેશના આપે તે સાંભળી ગણધર ભગવંત દ્વાદશાંગીની (૧૨ અંગની) રચના કરે છે તે અંગમાં સમાવેશ પામેલું શ્રુત **અંગપ્રવિષ્ઠ શ્રુત** છે.

**૧૪. અંગબાહ્યશ્રુત -** ગણધર ભગવંત પછી સ્થવિર આચાર્યોનું રચેલું જે શ્રુત તે **અંગબાહ્ય શ્રુત** છે.

# વિરતિ પાટિકા પ્રાણાતિપાત વિરમણ વ્રત

અનંત ઉપકારી ... તરણતારણ.. દેવાધિદેવ...

તીર્થંકર પરમાત્મા...

ભવ્ય જીવોના એકાંત કલ્યાણને અર્થે ધર્મતીર્થની સ્થાપના કરે છે...

આ ધર્મ ચાર પ્રકારના છે- દાન, શીલ, તપ અને ભાવ.

ધર્મમાર્ગમાં પ્રવેશ કરવો છે ?... દાનથી જ પ્રવેશ સંભવે છે... આ દાન ધર્મની પરાકાષ્ટાથી જ મોક્ષની મંઝિલ મળે છે.

સર્વદાન પ્રકારોમાં **અભયદાન** સર્વ શ્રેષ્ઠ છે. દયા ધર્મનું મૂળ છે માટે જ સદ્ગતિના ઇચ્છુક સાધક હિંસાથી સદા ભયભીત હોય છે... હિંસાથી દૂર ભાગે છે.

**अलसा भवता कार्ये, प्राणिवधे पंगुला: सदा भवत। परतप्तिषु बधिरा-जात्यन्धा: परकलत्रेषु॥**

હે ધર્મજિજ્ઞાસુઓ ! તમારે જો સદ્ગતિ મેળવવાની ઇચ્છા હોય તો શ્રેષ્ઠજનોને નિંદિત એવા નીચ કાર્યમાં આળસુ બની નિરુદ્યોગી થાઓ, તેમજ પ્રાણીઓનો વધ કરવામાં હંમેશા પાંગળા બનો. પર પીડાઓમાં બધિરતા ધારણ કરો અને પરસ્ત્રીઓને વિષે જન્માંધની માફક પ્રવૃત્તિ કરો અર્થાત્ તેમની ઉપેક્ષા કરો.

**अहिंसा परमोधर्म** આ સૂત્ર સર્વ ધર્મોને માન્ય સૂત્ર છે. એનો અસ્વીકાર કોઇ કરી શકે એમ નથી પરંતુ વિશ્વ સ્થુલ અહિંસાને ધર્મ માને છે જ્યારે જૈન શ્રાવક સૂક્ષ્મ અહિંસા સ્વીકારનારો હોય છે. એની અહિંસા અનોખી હોય છે.

દયાના દરિયા અને કરૂણાના સાગર એવા તીર્થંકર પ્રભુજીએ પોતાના જીવનમાં સંપૂર્ણ અહિંસાનું પાલન કરીને આપણા સહુની સમક્ષ આ માર્ગ મૂક્યો છે. પુણ્યના ઉદયથી મળી ગયેલા જિન શાસનને સાચી રીતે સમજવાનો પ્રયત્ન નહિં કરીએ તો ડગલે પગલે હિંસા કરીને પાપોના ભંડાર ભરી લઇશું. જીવનમાં ક્ષણે ક્ષણે બંધાતા પાપોથી બચવા માટે પણ શ્રાવક જીવનના પ્રાણાતિપાત વિરમણ વ્રતને સમજવાની આવશ્યકતા છે. લાંબુ આયુષ્ય... પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા... કાયાની નિરોગીતા અને શાતાકારી જીવન એ અહિંસામય જીવનની ઉપલબ્ધિ છે.

શ્રાવકને પ્રથમ પ્રાણાતિપાત વિરમણ વ્રતને સ્વીકારવા નીચે મુજબ પ્રતિજ્ઞા કરવાની હોય છે.

**''હાલતા ચાલતા નિરપરાધી જીવને મારી નાખવાના સંકલ્પ સાથે જાણી જોઈને મારીશ નહીં.''**

સંસારી જીવ સાવધાની પૂર્વક સંસારના કાર્યો કરે તો જયણા દ્વારા ઘણા જીવોને અભયદાન આપી શકે છે. જયણાને વધુને વધુ જીવનમાં લાવનાર આ વ્રત છે. અતિચારોને ફક્ત જાણવાના નથી પરંતુ જાણીને આપણા જીવનમાંથી એમને વિદાય આપવાની છે. જીવનને શુદ્ધ-સાત્વિક અને અહિંસક બનાવવાનું છે. સર્વ જીવોની સાથે અખંડ મૈત્રી સાધવાની છે.

સમ્યક્ત્વ વ્રત સંક્ષેપથી જાણ્યું હવે પ્રથમ પ્રાણાતિપાત વિરમણાદિક પાંચ અણુવ્રત શ્રાવકના છે અને એ જ પાંચ મહાવ્રત સાધુના છે. સાધુની અપેક્ષાએ શ્રાવકને અણુ એટલે નાના વ્રત તેને અણુવ્રત કહેવાય. અથવા સમકિત પ્રાપ્તિ પછી જે વ્રત તેને અણુવ્રત કહેવાય. તેમાં પહેલું પ્રાણાતિપાત વિરમણ વ્રત નામે મહાવ્રત સાધુને હોય. તે સાધુને સંપૂર્ણ વીશ વિશ્વાની જીવદયા છે. અને શ્રાવકને તો સવા વિશ્વા (વસા)ની જીવદયા છે. જે માટે જીવના બે ભેદ છે. એક તો એકેન્દ્રિયાદિક પાંચ સ્થાવર તે સૂક્ષ્મ જાણવા. યદ્યપિ પાંચે સ્થાવરને સૂક્ષ્મ અને બાદર બે પ્રકારના છે. તથાપિ તે સૂક્ષ્મ જીવોના શરીરને બાહ્ય શસ્ત્રાદિકનો ઘાવ લાગતો નથી. તેમનો પોતાની જાતિના જીવોથી જ ઘાત થાય છે. માટે અહિંઆ સૂક્ષ્મ શબ્દથી પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ રુપ બાદર પાંચે થાવર છે તેમને જ સૂક્ષ્મ કહેવા, અને બેઇન્દ્રિયાદિક મહોટા જીવ તે બાદર જાણવા. તેમાં સાધુને તો સૂક્ષ્મ અને બાદર રુપ સર્વજીવોની વિરાધનાથી વિરમણનો નિયમ પૂરેપૂરો વીશવિશ્વાનો છે. અને શ્રાવકથી તો સૂક્ષ્મ જીવની દયા પાળી શકાતી નથી. કેમકે એક વાર અન્નપાન કરતાં પણ છકાયની વિરાધના થાય છે. માટે સૂક્ષ્મની દયા ન પળે. માત્ર બાદર મહોટા જીવની દયા પાળી શકાય છે. તેથી વીસ વિશ્વામાંથી દશ ગયા બાકી દસ વિશ્વા દયા રહી. તેમાં પણ ગૃહસ્થ આજીવિકાને માટે કર્ષણાદિકનો આરંભ કરે છે. તે વારે બેઇન્દ્રિયાદિક મોટા જીવોનો પણ ઘાત થાય છે તે માટે શ્રાવક આગાર ખુલા મુકે છે. તેથી સંકલ્પ કરી જાણી જોઇને મહોટા જીવોને નહીં હણવાનો નિયમ કરે પણ અજાણતા આરંભ સમારંભ કરવાથી જીવોનો ઘાત થઇ જાય તે ખુલો રાખે છે તે માટે દશ વિશ્વામાંથી અર્ધા જાય તો બાકી પાંચ વિશ્વા દયા રહી. તેમાં વળી કોઇ પોતાના ઘરમાં ચોરી કરવા આવ્યો હોય તેને અથવા પોતાની સ્ત્રી સાથે કોઇ અવિચારી કૃત્ય કરે તો તેવા પંચેન્દ્રિય જીવને પણ જાણીબુજીને મારવો પડે. તે માટે આગાર મોકળો રાખે છે અને નિરપરાધને નહીં મારવાનો નિયમ કરે છે. પણ જે અપરાધી જીવ હોય તેને નહીં મારવાનો નિયમ નથી તેની જયણા રાખે. એ રીતે પાંચ વિશ્વામાંથી પણ અઢી વિશ્વા ગયા. બાકી અઢી વિશ્વાની દયા રહી. તેમાં પણ બળદ, અશ્વ આદિ જીવને ખેડે છે. તે પંચેન્દ્રિય જીવ છે. નિરપરાધી છે. તો પણ તેની શક્તિ જાણ્યા વિના ચાબુક આદિ મારવા પડે તેનો આગાર રાખે છે. એટલે કોઇ જીવને પ્રહાર કરવો તે નિર્દય પણે નહીં પણ સાપેક્ષ સહૃદયપણે કરવો માટે

અઢી વિશ્વામાંથી સવા ગયો શેષ સવા વિશ્વા દયા શ્રાવકથી પળી શકાય તે માટે અણુવ્રત કહેવાય એ પ્રથમ પ્રાણાતિપાત વિરમણ નામક વ્રત કહ્યું. એવી જ રીતે બીજા મહાવ્રતમાં સાધુને સુક્ષ્મ-બાદર સર્વ પ્રકારના જુઠા બોલવાથી વિરમવાનો નિયમ છે. અને શ્રાવકને તો કન્યાલિકાદિક પાંચ મોટા જુઠ બોલવાનો નિયમ હોય. બાકી તો સર્વની જયણા હોય. તથા ત્રીજા મહાવ્રતમાં સાધુને તૃણમાત્ર પણ અદત્ત નહી લેવાનો નિયમ છે. પડેલી લિમડાની સળી માત્ર લે તો પણ ''અણુજાણહ જસ્સગો'' એમ કહીને લે અને ગૃહસ્થને તો જે વસ્તુ લીધાથી પોતાની ઉપર ચોરીનું કલંક ચઢે, રાજદંડ થાય તેવા અદત્ત નહીં લેવાનો નિયમ હોય પણ સૂક્ષ્મ અદત્ત નહીં લેવાનો નિયમ ન હોય તથા ચોથા મહાવ્રતમાં સાધુને તો સર્વપ્રકારથી બ્રહ્મચર્ય પાળવાનો નિયમ હોય પણ શ્રાવક જો પોતાનું મન કાબુમાં રાખે તો જાવજીવ બ્રહ્મચર્ય પાળે નહીં તો સ્વસ્ત્રી ઉપર સંતોષ રાખે. તથા પાંચમા મહાવ્રતમાં સાધુને તો બાહ્યઅભ્યંતર સર્વ પ્રકારે ધનધાન્યાદિક નવ વિધ પરિગ્રહ નહીં રાખવાનો નિયમ હોય છે. અને શ્રાવક ને તો નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરી રાખેલું હોય તે માટે તે અણુવ્રત કહેવાય.

(૧) પહેલા પ્રાણાતિપાત વિરમણવ્રતમાં કોઇ પણ અપરાધ વિનાના ત્રસ જીવોને મારી નાખવાની બુદ્ધિથી મારવા નહીં. ધંધો રોજગાર કરતાં કે રસોઇ કરતાં કે રસોઇ આદિ કામકાજ કરતાં જીવ વિરાધના થાય, તેની આ વ્રતમાં જયણા; ત્રસ જીવો તે બે ઇન્દ્રિયવાળા-અળસિયા, કૃમી, પોરા વગેરે. ત્રણ ઇન્દ્રિયવાળાકીડી, મંકોડા, માંકડ, જૂં, ઇયળ, ધનેડાં વિગેરે. ચાર ઇન્દ્રિયવાળા વીંછી, ભમરા, માખી, મચ્છર, ડાંસ, મક્કડ, વાંદા, વગેરે. પાંચ ઇન્દ્રિયવાળા -મનુષ્ય પશુ, પક્ષી, મત્સ્યાદિ એવા ત્રસ એટલે હાલતા ચાલતા જીવોને અપરાધ વિના મારી નાખવાની બુદ્ધિથી મારી નાંખવા નહીં. એવી પ્રતિજ્ઞા કરી તેને પાળતા રહેવું. એ વ્રતમાં **(૧) બંધ-**મનુષ્ય તથા પશુ આદિ જીવોને ગાઢ બંધનથી બાંધવા. **(૨) વધ-**જીવોને આકરા પ્રહાર કરી ઘાયલ કર્યા હોય કે વધ થઇ ગયો હોય. **(૩) છેદ-વિચ્છેદ -** જીવોના નાક, કાન, પૂંછડા વગેરે અંગોને કાપ્યાં હોય. **(૪) અતિભાર-આરોપણ -** બળદ, ઘોડા, ઊંટ, ઉપર અતિભાર નાખી ચલાવ્યા હોય. **(૫)ભત્તપાણવ્યવચ્છેદ** પોતાના આશ્રિત મનુષ્યો અને પશુઓને સમય પ્રમાણે ખોરાક પાણી આપ્યા ન હોય અથવા ખાવા પીવાનું આપ્યું ન હોય. એ પાંચ અતિચાર દોષ પહેલા વ્રતમાં લગાડવા નહીં.

આ વ્રતના પાલનમાં નીચેના નિયમો સહાયક બને છે :-

(૧) હું ચુલો સળગાવતાં પહેલાં જયણા પૂર્વક પોંજણીથી પ્રમાર્જીશ.

(૨) હું વાસી ઝાડું જયણા પૂર્વક કાઢીશ.

(૩) હું અણગળ પાણી વાપરીશ નહીં.

(૪) હું પાંચ તિથિ લીલોતરીનો ત્યાગ કરીશ.

(૫) હું છ અટ્ઠાઈમાં લીલોતરી વાપરીશ નહિ.

(૬) હું કંદમૂળનો ત્યાગ કરીશ.

(૭) હું વાસી ભોજનનો ત્યાગ કરીશ.

(૮) હું બોળ અથાણાનો ત્યાગ કરીશ.

(૯) હું ફટાકડા ફોડીશ નહીં.

(૧૦) હું અનાજ સાફ કર્યા વિના દળાવીશ નહીં.

(૧૧) હું બહારના ખાદ્ય પદાર્થ વાપરીશ નહીં.

(૧૨)હું વિદળ (કાચા દુધ-દહિં-છાસ સાથે કઠોળ) વાપરીશ નહીં.

(૧૩) હું બરફ-આઇસ્ક્રીમ વાપરીશ નહીં.

(૧૪) હું પક્ષી-પશુના આકારના બિસ્કીટ પીપર વગેરે વાપરીશ નહીં.

(૧૫) હું પશુ-પક્ષીના ચિત્રવાળા વસ્ત્રો વાપરીશ નહીં.

(૧૬) હું રાત્રી ભોજનનો ત્યાગ કરીશ.

(૧૭) હું કુતરા-પોપટ વગેરે પશુ-પક્ષી પાળીશ નહીં. એમને પાંજરામાં કે સાંકળથી બાંધીશ નહીં.

(૧૮) હું ઝાડો કાપવાનું... લોન બગીચો બનાવવાનું કામ કરીશ નહીં.

(૧૯) હું પશુ કે માનવીની હત્યા કરીશ નહીં. કરાવીશ નહીં.

(૨૦) હું ગર્ભપાત કરીશ નહીં. કરાવીશ નહીં. એની સલાહ આપીશ નહીં.

(૨૧) હું આવેશમાં આવીને કોઇ મનુષ્ય-નોકર-ચાકર કે પશુ પક્ષીને પથ્થર લાકડી - વેલણ-ચાકુ વિગેરેથી મારીશ નહીં. - પ્રહાર કરીશ નહીં.

(૨૨) હું નોકર-ચાકરને ભૂખ્યો રાખીશ નહીં.

(૨૩) હું બળજબરીથી કોઇની પાસેથી કામ કરાવીશ નહીં.

(૨૪) હું ઘરમાં મછલીઘર બનાવીશ નહીં.

(૨૫) હું કીડી વિગેરેના દરનો નાશ કરીશ નહીં.

(૨૬) હું નદી તલાવમાં સ્નાન કરીશ નહીં.

(૨૭) હું શાક-ભાજી સુધારતાં સાવધાની રાખીશ.

(૨૮) હું અનાજ સાફ કર્યા વિના તડકામાં નાંખીશ નહીં.

(૨૯) હું મચ્છર આદિના ઉપદ્રવ માટે ઝેરી દવાઓ વાપરીશ નહીં.

(૩૦) હું પશુ-પક્ષીઓને આપસમાં લડાવીશ નહીં.